**માનનીય અધ્યક્ષશ્રી,**

નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માંગુ છું .

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એવું કહેતા કે સાચું ભારત ગામડાઓમાં વસે છે.

પરંતુ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બજેટમાં ગામડા ઓની અને ખેડૂતોની ખૂબ અવગણના કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

332465 કરોડ ના આ બજેટમાંથી ગ્રામ વિકાસ વિભાગ ને માત્ર 12138 કરોડ જેટલી જ રકમ ફાળવવામાં આવી છે. જે ટોટલ બજેટ ના માત્ર 2.9% થાય છે. જ્યારે શહેરી વિકાસ વિભાગ ને 21696 કરોડ જેટલી રકમ ની ફાળવણી કરવામાં આવી છે. જે ટોટલ બજેટના 6.3% થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

**જે ગ્રામ વિકાસ વિભાગ ને ફાળવેલ બજેટ કરતાં બમણા થી પણ વધારે છે. જેના લિધે ગામડાઓ દિવસે ને દિવસે ભાંગી રહ્યા છે અને શહેરોમાં ઝુપડપટ્ટી ઓ વધતી જાય છે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત ની સરખામણીએ જો અન્ય રાજ્યો ની વાત કરીએ તો ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગતવર્ષે મણિપુર જેવા રાજ્યમાં ટોટલ બજેટના 16%, ઝારખંડમાં 13.6%, અને બિહાર જેવા પછાત રાજ્યમાં 10.6% જેટલા કુલ બજેટમાંથી ગ્રામ્ય વિકાસ વિભાગને ફાળવવા માં આવ્યા હતા.

**માનનીય અધ્યક્ષ શ્રી**

નેશનલ એવરેજ રેશિયો 5% જેટલો છે ત્યારે ગુજરાતમાં ગ્રામ વિકાસ વિભાગને માત્ર 2.9% બજેટમાં ફાળવીને ગુજરાતનાં ગામડાઓને ખૂબ જ અન્યાય કરવામાં આવ્યો છે. જે આ બજેટના ફાળવણી ઉપરથી સ્પષ્ટ થાય છે.

એવી જ રીતે

**માનનીય અધ્યક્ષશ્રી,**

જો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની વાત કરીએ તો તેમાં પણ ગુજરાત ની સરખામણી એ અન્ય રાજ્યોમાં ખૂબ વધારે બજેટ ફાળવવા માં આવે છે. ગતવર્ષે છતીશગઢ જેવા પછાત રાજ્યમાં કુલ બજેટ ના 16.4%, અને તેલંગાણા માં 11.7% ની સરખામણીએ ગુજરાતમાં ગતવર્ષ કરતાં પણ ઓછું માત્ર 4% જ બજેટ જ ખેડૂતોને ફાળવવા માં આવ્યું છે.

ત્યારે

**માનનીય અધ્યક્ષશ્રી,**

હું ગર્વ સાથે કહીશ કે જ્યાં અમારી આમ આદમી પાર્ટીની સરકાર છે તેવા પંજાબમાં ખેડૂતો માટે કુલ બજેટના 10.2% બજેટ ફાળવવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દર વર્ષે બજેટમાં ગામડાઓ અને ખેડૂતો સાથે અન્યાય થતો આવ્યો છે. જે સિલસિલો આ વખતે પણ યથાવત રહ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દુખની વાત એ છે કે 182 માંથી 139 જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓ ગ્રામ્ય વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં હોય ત્યારે બહુ ઓછા માનનીય સભ્યશ્રીઓએ  આ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હુ ખાસ કરિને ગ્રામ્ય  વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે હું આ બજેટને ગામડાઓ અને ખેડૂત વિરોધી ગણાવું છું.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

વર્ષ 22/23 ના આંકડાઓ જોતાં બહુ દુખ થાય કે એ વર્ષે ગ્રામ વિકાસ વિભાગને જે બજેટ ફાળવવા માં આવ્યું હતું તેમાં પણ 14% જેટલી રકમ એટલે લગભગ 186 કરોડ રૂપિયા વણ વપરાયેલા છે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

એવી જ રિતે વર્ષ 22/23 ના બજેટમાં એસ.સી., એસ.ટી., ઓ.બી. સી. અને લઘુમતીના કલ્યાણ માટે પણ 5422 કરોડ રૂપિયા ની જે જોગવાઈ કરવામાં આવી હતી તેમાં પણ 369 કરોડ રૂપિયા વણ વપરાયેલા છે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

છેલ્લા પાંચ વર્ષ ની વાત કરીએ તો 2015/16 થી લઈ અને 2021/22 સુધીના તમામ બજેટમાં નજર નાખીએ તો ધ્યાને આવે કે કેપિટલ આઉટ લે ઉપર દર વર્ષે 14% અન્ડર સ્પેન્ડીંગ રહ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બજેટમાં આરોગ્ય વિભાગનું બજેટ વધારવા માં આવ્યું છે તેવી વાતો થાય છે

પરંતુ

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગત વર્ષે આરોગ્ય વિભાગમાં રીવાઈઝડ બજેટમાં 6.6% ખર્ચ કરવામાં આવ્યો હતો અને વર્ષ 24/25 ના બજેટમાં કુલ બજેટના માત્ર 6.5% જેટલું બજેટ જ ફાળવવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બજેટ ગામડાઓ અને ખેડૂતોને અન્યાય કરતુ હોય હું આ બજેટને મારું સમર્થન આપી શકતો નથી.